પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97 વર્ષ:૨૪, અંક:૧૮૧, કુલ પાના:૪, તારીખ: ૨૬-૦૩-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 181 PRICE :-RS. 1.50 DATE : 26-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678 PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## શ્રીનગરમાં CRPFના કાફલા પર આતંકી હુમલો: બે જવાન શહીદ, બે ઘાયલ



શ્રીનગર,

શ્રીનગરમાં સીઆરપીએફની પેટ્રોલિંગ પાર્ટી પર આતંકી હુમલો થયો છે. આ હુમલો લાવાપોરા વિસ્તારમાં થયો છે. સીઆરપીએફ પાર્ટી પર હુમલામાં બે જવાન શહીદ થયા જ્યારે બે જવાન ઘાયલ પણ થયા. ઘાયલ જવાનોને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

આપને જણાવી દઈએ કે લાવાપોરા વિસ્તારમાં ગુરૂવારના રોજ બપોરે આતંકીઓએ સીઆરપીએફની પેટ્રોલિંગ પાર્ટી પર હુમલો કરી દીધો. આઈજીએ કહ્યું કે આ હુમલામાં સીઆરપીએફના બે જવાન શહીદ થઈ ગયા અને બે જવાન ઘાયલ થયા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા. હાલ તેમની સારવાર ચાલુ છે.

આ હુમલો સીઆરપીએફની ૭૩મી બટાલિયન પર કરાયો છે. પહેલેથી ટાંકીને બેઠેલા આતંકીઓએ શ્રીનગરના લાવાપોરા વિસ્તારમાં સુરક્ષાબળોની ગાડી પર હુમલો કરી દીધો. આ હુમલામાં ૨ જવાન શહીદ થઈ ગયા. તો બે જવાન ઘાયલ પણ થયા છે.

આ હુમલા બાદ સુરક્ષાબળોએ આખા વિસ્તારને ઘેરી લીધો છે. સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આતંકીઓની શોધ માટે મોટી માત્રામાં સુરક્ષાબળના જવાન છે. ઘટના બાદ વિસ્તારમાં એલર્ટ જાહેર કરી દેવાયું છે.

પોલીસના અધિકારીઓનું કહેવું છે કે સીસીટીવીના માધ્યમથી આતંકીઓની ઓળખ કરાય રહી છે. જેથી કરીને ખબર પડી શકે કે આતંકી કેવી રીતે વાહનમાં સવાર થઈને આવ્યા હતા. ઘણા દિવસ બાદ શ્રીનગરમાં આ પ્રકારનો હુમલો થયો છે. જેમાં જવાનોને નિશાન બનાવ્યા છે. પોલીસના અધિકારીઓનું કહેવું છે કે બે જવાનોની સ્થિતિ ખતરામાં છે. આ હિટ એન્ડ રનનો મામલો છે. આતંકી અચાનક આવ્યા અને હુમલો કરીને સ્થળ પરથી ભાગી ગયા.

## નવા કૃષિ કાયદાના વિરોધમાં આજે ખેડૂતોનું ભારત બંધનું એલાન




ન્યુ દિલ્હી,

નવા કૃષિ કાયદા સંદર્ભે ખેડુતોનું આંદોલન ચાલુ છે. આ આંદોલન ૨૮ નવેમ્બરથી શરૂ થઈ હતી, તેથી ૧૨૦ માર્ચે તેના ૧૨૦ દિવસ પૂરા થશે. જેના પર યુનાઈટેડ કિસાન મોરચાએ ભારત બંધની હાકલ કરી છે. આ બંધ સવારે ૬ થી સાંજના ૬ સુધી એટલે કે ૧૨ કલાક સુધી રહેશે. આ બંધ દરમિયાન ખેડૂત સંગઠનો વિવિધ સ્થળોએ રજૂઆત કરશે. તે જ સમયે, નવા કૃષિ કાયદા અને સરકારનું પુતળું દહન કરવામાં આવશે. છેલ્લી વખત, ભારત ફક્ત ત્રણ કલાક માટે બંધ રહ્યું હતું, જેના કારણે સામાન્ય જીવનમાં વધારે તકલીફ પડી ન હતી.

ખેડૂત સંગઠનોના જણાવ્યા મુજબ, ૧૨ કલાકના બંધ દરમિયાન તમામ પ્રકારની દુકાનો અને વ્યવસાયિક મથકો બંધ રહેશે. જો તમે દરરોજ દૂધ અને ડેરીની ચીજો ખરીદે છે, તો તમારે ગુરુવારે સાંજે જ ગોઠવણ કરવી જોઈએ, કારણ કે આ દુકાનોને પણ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડૂત આગેવાનોના જણાવ્યા મુજબ લોકોને સ્વેચ્છાએ દુકાન બંધ રાખવા અપીલ કરવામાં આવી છે. આ માટે તેઓ અભિયાન ચલાવી રહ્યા છે અને જાગૃતિ લાવી રહ્યા છે. મોટી સંખ્યામાં દુકાનદારોએ તેમને સહયોગ આપવાનું વચન આપ્યું છે.

ખેડૂત સંગઠનોના મતે તેમનો ઉદેશ સરકાર સુધી તેમનો અવાજ પહોંચાડવાનો છે, તેઓ ઈચ્છતા નથી કે કોઈને પણ તેની સાથે સમસ્યા થાય. જેના કારણે રસ્તાઓ અવરોધિત કરવામાં આવશે નહીં. આવી સ્થિતિમાં ટ્રાફિક સંપૂર્ણ સામાન્ય રહેશે. આ સાથે જ કારખાનાઓ અને કંપનીઓને બંધ ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત પેટ્રોલ પમ્પ, કરિયાણાની દુકાન, મેડિકલ સ્ટોર્સ, જનરલ સ્ટોર્સ, બુક શોપ ખુલ્લા રહેશે.

ભારત બંધના માધ્યમથી ખેડુતો વધુમાં વધુ લોકોને ટેકો આપવા માંગે છે. જેના કારણે તેઓ કોઈ પણ કાર્ય કરશે નહીં જેને જનતાને મુશ્કેલીનો સામનો કરવો પડે. ખેડૂત આગેવાનોએ તેમના સંગઠનોને રસ્તો અવરોધ ન કરવા સૂચના આપી છે. આ ઉપરાંત, દિલ્હી-એનસીઆર ઉપરાંત દરેક રાજ્ય, દરેક જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ ભારત બંધને લઈ જવામાં આવે.

### મુખ્યમંત્રી વિજય રૂપાણીની સચોટ ભવિષ્યવાણી...!

## હજુ એક અઠવાડિયું કોરોના કેસ વધશે, તે પછી ઘટવા માંડશે: રૂપાણી



ગાંધીનગર,

રાજ્યમાં કોરોના સંક્રમણ વધતાં ચાર મહાનગરોમાં નાઈટ કરફ્યૂ સહિતના પ્રતિબંધો લગાવી દેવામાં આવ્યા છે. તેવામાં હાલમાં વિધાનસભા સત્રમાં ધારાસભ્યો અને તેમના સ્ટાફ કોરોનાથી સંક્રમિત થયા છે. તેમ છતાં સીએમ રૂપાણીએ કહ્યું છે કે વિધાનસભાનું સત્ર ટૂંકાવવામાં આવશે નહીં. કેમ કે હજુ મહત્વના બિલો પાસ થવાના બાકી છે.

મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું કે આ અઠવાડિયું કેસ વધશે અને પછી ઘટશે તેવી ધારણા છે. પણ ગભરાવાની જરૂર નથી, સાવધાની જરૂરી છે. માસ્ક પહેરવા અને રસી લેવા મુખ્યમંત્રી રૂપાણીએ લોકોને અપીલ કરી છે. અને તેઓએ કહ્યું કે દૈનિક ૩ લાખ લોકોને રસી આપવાનો લક્ષ્યાંક છે.

વિધાનસભા ગૃહમાં છ ધારાસભ્યો અને તેમના સ્ટાફ કોરોના પોઝિટિવ આવ્યો છે. આજે આ મામલે સીએમ રૂપાણીને સવાલ કરાયો તો તેમણે કહ્યું કે, વિધાનસભાનું સત્ર ટૂંકાવવામાં નહીં આવે, મહત્વના બિલો પાસ થવાના બાકી છે. સંક્રમણ વધારે છે પણ મૃત્યુઆંક કંટ્રોલમાં છે. ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટ પર ભાર મુકવામાં આવ્યો છે. કોરોના સંક્રમણ દેશભરમાં વધી રહી છે. કોઈ ચિંતા કરવાની આવશ્યકતા નથી.

તમામ સરકારી કર્મચારીઓને ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ ગણી વેક્સીન અપાશે. હાલ ૪ મહાનગરોમાં કેસ વધારે છે, તેથી સરકાર અહી ફોકસ કરી રહી છે. સચિવાલય અને આખા ગુજરાતમાં તમામ સરકારી કર્મચારીઓ કોઈ પણ એજ ગ્રૂપના હોય તેમને ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સ ગણીને કરાશે. ૨૪ કલાકમાં ગુજરાતમાં પણ કોરોનાના સૌથી વધુ ૧૭૯૦ કેસ નોંધાતા તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

રાજયમાં હાલ વેક્સિનેશનની પ્રકિયા પણ ઝડપી કરી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૪૨,૯૪,૫૯૯ લોકોને ડોઝ આપવામાં આવ્યા છે અને હાલ કોઈ ગંભીર આડ અસર જોવા મળી નથી.

રાજયમાં કોરોના વાયરસના નવા ૧૭૯૦ કેસ નોંધાયા હતા. જ્યારે વધુ ૮ લોકોના કોરોના સંક્રમણથી મૃત્યુ થયા હતા. ગઈકાલે રાજયમાં ૧૨૭૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી હતી. રાજયમાં અત્યાર સુધી ૨,૭૮,૮૮૦ લોકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. રાજયમાં કોરોનાથી રિકવરી રેટ ૯૫.૪૫ ટકા પર પહોંચ્યો છે. હાલ ૮૮૨૩ એક્ટિવ કેસ છે, જેમાંથી ૭૯ લોકો વેન્ટિલેટર પર અને ૮૭૪૪ લોકો સ્ટેબલ છે.

આપને જણાવી દઈએ કે ગુજરાતના ચાર શહેરો, અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં નાઈટ કર્ફ્યુ લાદવામાં આવ્યું છે. ગુજરાત સરકારે જારી કરેલા એક નિવેદનમાં, રાજ્ય સરકારે કોરોના કેસમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યુ લાદવાનો નિર્ણય લીધો છે, જે ૩૧ માર્ચ સુધી અમલમાં રહેશે.

## ભારતના શ્રેષ્ઠ ડેસ્ટિનેશન વેડિંગ લોકેશનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો સમાવેશ કરાયો

કેવડિયા,

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી હાલ રાજ્યભરના લોકો માટે ફરવા માટેનું ફેવરિટ સ્થળ બની ગયું છે. રાજ્યના જ નહીં પણ દેશભરમાંથી લોકો સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા અને અલૌકિક કુદરતી સૌંદર્યને નિહાળવા માટે કેવડિયા આવી રહ્યા છે. તેવામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની કલગીમાં વધુ એક છોગું ઉમેરાયું છે. ભારતના શ્રેષ્ઠ ડેસ્ટિનેશન વેડિંગ લોકેશનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારતના શ્રેષ્ઠ ડેસ્ટિનેશન વેડિંગ લોકેશન કેટેગરીમાં ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટી ટેન્ટસીટી-૧નો સમાવેશ કરવામાં આવ્યો છે. Condé Nast Traveller નામની આંતરરાષ્ટ્રીય ટ્રાવેલ મેગેઝીનમાં બેસ્ટ ડેસ્ટિનેશન વેડિંગ સ્થળ તરીકે સ્ટેચ્યુ ઓફ યુનિટી ટેન્ટ સિટી-૦૧ નો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં એકમાત્ર નર્મદા નદી કાંઠે અદ્ભૂત કુદરતી સૌંદર્ય વચ્ચે આવેલું "સ્ટેચ્યુ ઓફ યુનિટી ટેન્ટ સીટી -૧ "બેસ્ટ ડેસ્ટિનેશન વેડિંગ સ્થળ બન્યું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી સિવાય મસૂરી, રાજસ્થાનના રાજાશાહી પેલેસ, કોચી અને ભારતના અલગ અલગ પર્યટન સ્થળ પર આવેલ શાનદાર પેલેસો બાદ હવે નર્મદા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ટેન્ટ સિટી-૧નો પણ વેડિંગ ડેસ્ટિનેશન તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. આમ ઈન્ટરનેશનલ મેગેઝિનમાં ચમક્યા બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટી ગુજરાત જ નહીં પણ દેશ-વિદેશનાં લોકો માટે લગ્નને યાદગાર બનાવવાનું એક અલૌકિક અને અવિસ્મરણીય ડેસ્ટિનેશન બની રહેશે.

## હું RSSને સંઘ પરિવાર નહીં કહું: રાહુલ ગાંધીનો કટાક્ષ

ન્યુ દિલ્હી,

મોટાભાગે મોદી સરકારને ટાર્ગેટ કરતા રાહુલ ગાંધીએ હવે આરએસએસ એટલે કે રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘને નિશાન પર લીધો છે.રાહુલ ગાંધીના આરોપ છે કે, સંઘમાં મહિલાઓ અને વૃધ્ધોનુ સન્માન નથી એટલે તેને પરિવાર કહી શકાય નહીં.રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, હવે હું આરએસએસને સંઘ પરિવાર નહીં કહું.મારુ માનવુ છે કે, સંઘને પરિવાર કહેવુ યોગ્ય નથી. કારણકે પરિવારમાં મહિલાઓ હોય છે અને વૃધ્ધો માટે સન્માનની અને પ્રેમની ભાવના હોય છે.જે આરએસએસમાં નથી એટલે હવે હું આરએસએસને સંઘ પરિવાર કહેવાનો નથી. એક દિવસે પહેલા પણ રાહુલ ગાંધીએ આરએસએસ અંગે ટિપ્પણી કરી હતી.બિહાર સરકારે પોલીસને વિશેષ સત્તા આપવાના એક બિલને વિધાનસભામા મુક્યા બાદ થયેલા હંગામાના પગલે રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, બિહાર વિધાનસભાની ઘટનાથી સ્પષ્ટ દેખાય છે કે, મુખ્યમંત્રી નિતિશકુમાર સંપૂર્ણપણે ભાજપ અને આરએસએસ મય બની ચુક્યા છે.લોકશાહીનુ વસ્ત્રાહરણ કરનારાઓને પોતે સરકાર છે તેવુ કહેવાનો કોઈ અધિકાર નથી.જોકે અમે ડરતા નથી અને અવાજ ઉઠાવતા રહીશું.

## સતત બીજા દિવસે પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડો નોંધાયો




ન્યુ દિલ્હી,

દેશની જનતાને સતત બીજા દિવસે રાહત મળી છે. દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત બીજા દિવસે ઘટાડો જોવા મળ્યો છે. જેમાં પેટ્રોલની કિંમતમાં ૧૮ પૈસા થી ૨૧ પૈસા પ્રતિ લીટરનો ઘટાડો જોવા મળી રહ્યો છે, તો ડીઝલની કિંમતમાં ૧૯ પૈસાથી લઈને ૨૨ પૈસા પ્રતિ લીટર ઘટાડો જોવા મળી રહ્યો છે.

ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો થવાના કારણે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો થયો છે. એક્સપર્ટનું માનવું છે કે, ચૂંટણીના માહોલમાં પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ૩ રૂપિયા પ્રતિ લીટર ઘટાડો થઈ શકે છે.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન તરફથી મળેલી જાણકારી મુજહ, દેશના ૪ મુખ્ય શહેરમાં પેટ્રોલ સતત બીજા દિવસે સસ્તુ થયું છે. દિલ્હી અને મુંબઈમાં પેટ્રોલ ૨૧ પૈસા પ્રતિલીટર સસ્તુ થયું છે. જ્યારે કોલકતામાં ૨૦ પૈસા અને ચેન્નઈમાં ૧૮ પૈસા પ્રતિ લીટરનો ઘટાડો થયો છે. આ સાથે જ ચારેય મહાનગરોમાં પેટ્રોલની કિંમત ક્રમશઃ ૯૦.૭૮, ૯૦.૯૮, ૯૭.૧૯ અને ૯૨.૭૭ પ્રતિ લીટર થઈ ગઈ છે.

આજ રીતે ડીઝલની વાત કરીએ તો, દિલ્હી અને કોલકતામાં ડીઝલ ૨૦ પૈસા પ્રતિ લીટર સસ્તુ થયું છે. જ્યારે મુંબઈમાં ૨૨ અને ચૈન્નઈમાં ૧૯ પૈસા પ્રતિ લીટર ઘટાડો જોવા મળ્યો છે. આ સાથે જ ચારેય મહાનગરોમાં ડીઝલની કિંમત ક્રમશઃ ૮૧.૧૦, ૮૩.૯૮, ૮૮.૨૦ અને ૮૬.૧૦ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે.

## નેશનલ બેંક ઓફ ફાઈનાન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ બિલ સંસદમાં પસાર

ન્યુ દિલ્હી,

દેશમાં સરકારી બેંકનો ખાનગીકરણ વચ્ચે હવે કેન્દ્ર સરકારે એક નવી સરકારી બેંકની સ્થાપનાને મંજૂરી આપી છે.

ગુરુવારે સંસદમાં નેશનલ બેંક ફોર ફાઈનાન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ બનાવવા માટેના બિલને પસાર કરવામાં આવ્યુ હતુ. સરકાર આ બેંકને શરુઆતમાં ૨૦૦૦૦ કરોડ રુપિયાની મૂડી આપશે.આગામી કેટલાક વર્ષોમાં બેંક માર્કેટમાંથી ત્રણ લાખ કરોડ રુપિયા એકઠા કરશે.જેના થકી પાંચ લાખ કરોડ રુપિયા સુધીની ઓલન આપવામાં આવશે.

નાણા મંત્રી નિર્મલા સિતારમનનુ કહેવુ હતુ કે, આ બેંકના કારણે નવી રોજગારી ઉભી થશે.આ પહેલા ૨૩ માર્ચે લોકસભાએ અને આજે રાજ્યસભાએ તેને મંજૂરી આપી હતી.આ બેંકની સ્થાપના પાછળનો ધ્યેય દેશમાં વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટને ફંડિંગ આપવાનો છે.કારણકે બીજી બેંકો લોન્ગ ટર્મ લોન આપવાના જોખમથી બચવા માંગતી હતી.આ બાબતને ધ્યાનમાં રાખીને સરકારે આ બેંકને મંજૂરી આપી છે.

નિષ્ણાતોનુ માનવુ છે કે, ઈન્ફ્રા પ્રોજેક્ટને મૂડીની જરુર છે એટલે આ પ્રકારની એક બેંક સ્થપાય તે બહુ જરુરી હતુ.આ બેંકમાં મોટા પેન્શન ફંડ, ઈન્સ્યોરન્સ ફંડના પૈસા લગાવાશે.આ પ્રકારના ફંડને ટેક્સમાં પણ છુટ મળશે અને બેંકને મૂડી મળશે.

## કોરોના કહેર વધતા ભારત એલર્ટ બન્યું: વેક્સિન નિકાસને અટકાવી



ન્યુ દિલ્હી,

ભારત અત્યાર સુધી દુનિયાના અનેક દેશોને કોરોના 'વેક્સીન મૈત્રી' અભિયાન અંતર્ગત વેક્સીનના કરોડો ડોઝ મફતમાં દાન કરી ચુક્યો છે. પરંતુ ફરી એકવાર કોરોનાએ માથુ ઉચકતા કેસોની સંખ્યા વધી રહી છે. તેવી જ રીતે દેશમાં કોરોનાની વેકસીનનું વેકસીનેશન વધારવાની પણ જરૂરિયાત વર્ધાઈ રહી છે. પરિણામે ભારતની જ વેકસીનની ઘર આંગણે માંગ વધી છે. જેથી મોદી સરકારે હવે કેટલાક મહિનાઓ સુધી વિદેશમાં કોરોનાની વેકસીન મફતમાં ના આપવાનો નિર્ણય લીધો છે. જોકે એવુ પણ નથી કે ભારત જરૂરિયાતમંદ દેશોને હવેથી કોરોનાની વેક્સીન મફતમાં આપશે જ નહીં. પરંતુ હાલ ઘર આંગણાની જરૂરિયાતોને પુરી કરવા આગામી કેટલાક મહિના સુધી તેની નિકાસ નહીં કરે. સંબધિત અધિકારીઓના જણાવ્યા પ્રમાણે બે-ત્રણ મહિના બાદ સ્થિતિની સમીક્ષા કરવામાં આવશે. ભારતે ૨૦ જાન્યુઆરીથી વેક્સીન મૈત્રી અભિયાન હાથ ધર્યુ હતું. જેને અંતર્ગત અત્યાર સુધીમાં દુનિયાના ૮૦ દેશોને ભારત કોરોનાની વેક્સીનના ૬ કરોડ ડોઝ મફતમાં પુરા પાડી ચુક્યું છે.

ભારતમાં કોરોનાના વધતા જતા કેસમાં કેન્દ્ર સરકાર હવે એસ્ટ્રાજેનેકા વેક્સિન દુનિયાના જરૂરિયાતમંદ દેશોને નહીં આપવાનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સ્થાનિક વેક્સિનેશન પર ધ્યાન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં એસ્ટ્રાજેનેકા-ઓક્સફોર્ડની કોરોના વેક્સિનનું નિર્માણ સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (SII) કોવિશીલ્ડના નામે કરી રહી છે.

અધિકારીઓએ નામ ના આપવાની શરતે જણાવ્યું છે કે, વેક્સિનની નિકાસ પર કોઈ પ્રતિબંધ લગાવવામાં આવ્યો નથી. પરંતુ હવે બીજા દેશોને વેક્સિનનો સપ્લાય સ્થાનિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જ કરાશે. વિદેશોમાં વેક્સિન નિકાસ સ્થાનિક ઉત્પાદનના આધારે જ કરાશે.

તેમણે જણાવ્યું હતું કે, સરકારની પ્રાથમિકતા લોકોને વેક્સિનેટ કરવાની છે. દેશમાં વેક્સિન ઉત્પાદનની ક્ષમતામાં વધારો થયો છે અને બે વેક્સિન (કોવીશીલ્ડ અને કોવેક્સિન)ને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દેવામાં આવી છે. આ સંજોગોમાં સરકાર બે મહિનાના રિવ્યુ કર્યા પછી જ દેશની બહાર વેક્સિન સપ્લાય વિશે નિર્ણય કરશે.

ભારતે અત્યાર સુધીમાં ૮૦ દેશોને કોરોના વેક્સિન મોકલી છે. ઘણાં દેશોને વેક્સિન મફતમાં આપવામાં આવી છે. જ્યારે અમુક દેશોને તે વેચવામાં આવી છે. પડોશી દેશો શ્રીલંકા, ભૂટાન, માલદીવ, બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમાર અને સેશેલ્સને અંદાજે ૫૬ લાખ વેક્સિન મફતમાં આપવામાં આવી છે.

અ.વ.શ્રી.જી.વી.પટેલ

ગોધરાના મહે.એડી.સિવિલ જજ અને જયુડી.મેજી.ફ.ક

(શ્રી એસ.આઈ.ચૌહાણ સાહેબ)ની કોર્ટ, ગોધરા, પંચમહાલ. રૂમ. નં.૩૧૭

ક્રિ.પ.અ.નં.૧૩૯/૨૦૧૯

મુ.તા.૦૪/૦૫/૨૦૨૧

આંક:-

અરજદાર : મધુબેન પ્રતાપભાઈ પટેલ

રહે :- નદી ફળીયું, ઓરવાડા, ગોધરા, પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળા : તલાટી મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ઓરવાડા, ગોધરા, પંચમહાલ.

-: જાહેર નોટીસ :-


આથી લાગભાગ, હકક હીત ધરાવાતા ઈસમોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે, કે અરજદાર નામે મધુબેન પ્રતાપભાઈ પટેલના પતિ પ્રતાપભાઈ ધનાભાઈ મરણની નોંધણી સામાવાળાના દફતરે કરાવવા માટે ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. પતિ પ્રતાપભાઈ ધનાભાઈ મરણની તા.૧૫/૦૪/૨૦૦૬ ના રોજ તેમના રહેણાંક મકાનમાં થયેલ છે. આથી જે કોઈ ઈસમોને/વાંધેદારોને ઉકત જન્મ-મરણ નોંધ થવા/કરાવવા સામે વાંધો યા તકરાર હોય તો તમોએ વાંધા/પુરાવા સહીત અત્રેની અદાલતમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી મુદ્દત તારીખ ૦૪/૦૫/૨૦૨૧ સુધીમાં વાંધા રજુ કરવા બીનચુક હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો વાંધો યા તકરાર નથી તેમ ગણી અરજદારનો યોગ્ય જણાશે તો ધોરણસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તારીખ ૨૪/૩/૨૦૨૧ ના રોજ મારો સહી તથા સિકકો કરી આપું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (આર.એ. પ્રભાકર) | (ડી. કે. સોલંકી) | કોર્ટનો સિક્કો | (આર.એસ. વસાવા) |
| આસિસ્ટન્ટ | આસિસ્ટન્ટ | | રજીસ્ટ્રાર, ચીફ કોર્ટ, ગોધરા |

મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં નાંદરવા બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

વાઘાભાઈ મગનભાઈ નાયકા

નાંદરવા, તા.શહેરા, જી.પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગરમાં વધુ ૨૮ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૨૬૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર.બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, કડાણા તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૫ સ્ત્રી, ૧૦ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૫-૦૩-૨૦૨૧ના સાંજના ૫-૩૦ વાગ્યા સુધીમાં ૨૨૬૮ કેસ પોઝીટીવ નોંધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૧૧૫ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૭ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૬ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૪૩૫૨૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૫ દર્દી પ્રાઇવેટ હોસ્પિટલ, ૧૯ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૬૩ દર્દી હોમ આઇસોલેશન, ૬ દર્દી સી.ડી.એચ.સંતરામપુર અને ૧૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૯૨ દર્દીઓ સ્ટેબલ અને ૧૦ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૫ વેન્ટીલેટર પર છે.

## લુણાવાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર કસલાલના રૈઈલીબેન પગીએ કોરોનારસી લઇ તે સંપૂર્ણ સુરક્ષિત હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો

લુણાવાડા, કોરોનાની વૈશ્વિક મહામારીમાં સમાજ અને સરકાર સાથે ખભે ખભો મીલાવીને કોરોના મુકત ભારત-કોરોના મુકત ગુજરાતના નિમાર્ણ માટે કમર કસી રહ્યા છે. ત્યારે કોરોનાના વધતા સંક્રમણને નિયંત્રણમાં લેવા રાજય સરકાર દ્વારા કોવીડ-૧૯ ગાઇડલાઇનને અનુસરી તેમજ કોરોના રસીકરણ અભિયાનને વધુ વેગવંતુ બનાવવા અસરકારક પગલા લઇ રહયાં છે. ત્યારે, લુણાવાડા તાલુકાના કસલાલ ગામના રહીશ એવા ૬૦ વર્ષથી વધુ ઉંમરના રૈઈલીબેન પગીએ કોરોનારસીનો પ્રથમ ડોઝ લઇ તે સંપૂર્ણ સુરક્ષિત હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

કોરોનારસી લીધા બાદ તેઓએ જણાવ્યું હતું કે, મેં રસીનો પહેલો ડોઝ લીધો છે. રસી લીધાને અડધો કલાક કરતાં વધુ સમય વીત્યો હોવા છતાં મને કોઇ પણ પ્રકારની આડઅસર કે તકલીફ થઇ નથી. એટલે કે રસી સંપૂર્ણ રીતે સલામત અને સુરક્ષિત છે. હું મારાં ગામના વરિષ્ઠ તમામ ગ્રામજનોને કોરોના રસી લેવા માટે અપીલ કરૂં છું. સાથે સાથે કોરોનાની રસી મુકાવ્યા પછી પણ ફરજીયાત માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની સુચનાનું ચુસ્ત રીતે પાલન કરવું જોઇએ તેમજ કોરોના રસીકરણના આ અભિયાનમાં સહયોગ આપી સૌ કોઈને રસીકરણ કરાવવા માટે પ્રેરણા પુરી પાડી હતી.

# બાલાસીનોર તાલુકાની ફેલસાણી દુધ ઉત્પાદન મંડળીમાં સફેદ દુધનો કાળો કારોબાર




બાલાસીનોર, બાલાસીનોર તાલુકાના ફેલસાણીની દુધ ઉત્પાદન મંડળીમાં દુધમાં ભેળસેળ કરાતી હોય તેવી માહિતીના આધારે અમુલ ડેરી વિજીલન્સ ટીમે ચેકીંગ હાથ ધર્યું હતું. ચેકીંગ દરમ્યાન ૨૭૦૦ લીટર દુધનો નાશ કરી મંડળીને સીલ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે બાલાસીનોર તાલુકાના ફેલસાણી દુધ ઉત્પાદન મંડળીના દુધમાં ભેળસેળ થતી હોય તેવી માહિતીના આધારે અમુલ ડેરી આણંદની વિજીલનસ વિભાગ દ્વારા ચેકીંગ કરવામાં આવ્યું હતું. દુધ મંડળીના સભાસદો દ્વારા દુધ મંડળીમાં ભેળસેળ થતી હોવાની કબુલાત કરતાં મંડળીના ચેરમેન અને સેક્રેટરી વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અમુલ ડેરી વિજીલન્સ વિભાગે ચેકીંગ દરમ્યાન દુધ મંડળી માંથી ૨૭૦૦ લીટર ભેળસેળવાળું દુધ ગામ બહાર નાશ કરવામાં આવ્યું હતું. સાથે ફેલસાણી દુધ મંડળીને સીલ કરવામાં આવી હતી. દુધ મંડળી સીલ કરવામાં આવતાં દુધ મંડળીમાં દુધ ભરતા સભાસદોની આવક છીણવાઈ ગઈ છે. સાથે છેલ્લા ત્રણ ટાઈપનું દુધ દહીં બની ગયું છે. ફલેસાણી દુધ મંડળીના દુધ ભરતા સભાસદોને દુધ કયાં ભરવુંને એક પ્રશ્ન બન્યો છે. દુધ મંડળીના ચેરમેન અને સેક્રેટરી દ્વારા સફેદ દુધનો કાળો કારોબાર ખુલતાં હડકંપ મચ્ચો છે.

### રાજસ્થાનમાં ભ્રષ્ટાચારથી બચવાનો નવીન કિસ્સો

# લાંચ કેસમાં ACBએ રેડ પાડી તો તલાટીએ ગેસ પર ૧૫ લાખ સળગાવી દીધા

જયપુર, રાજસ્થાનમાં ભ્રષ્ટાચારથી બચવાનો નવીન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાજ્યના સિરોહીમાં લાંચ લીધેલી રકમ પકડાઈ જવાના ડરથી એક ઈન્સ્પેક્ટરે ૨૦ લાખ રૂપિયાની નોટોને સ્વાહા કરી દીધી હતી. તેણે રાંધણગેસના ચૂલા પર એક પછી એક નોટોને અગ્નિમાં પધરાવી હતી. આ કાર્ય કરવામાં તેની પત્નીએ પણ સાથ આપ્યો હતો. એસીબી (એન્ટી-કરપ્શન બ્યૂરો)ની ટીમે દરોડો પાડ્યો હતો, જેથી તેને આ પગલું ભર્યું હતું. પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યું છે કે તેણે આ બધા રૂપિયા લાંચ પેટે એકઠા કર્યા હતા અને પકડાઈ જવાના ડરથી તેણે તમામ પુરાવાઓ નષ્ટ કરવા માટે આ કૃત્ય આચર્યું હતું.



એસીબીની ટીમે બુધવારે સાંજે સિરોહીના ભંવરીમાં ૧ લાખ રૂપિયાની લાંચ લેતા મહેસૂલ ઈન્સ્પેક્ટર પરબતસિંહને રંગેહાથ પકડ્યા હતા. પૂછપરછ દરમિયાન તેણે જણાવ્યું હતું કે તેણે આ લાંચ પિંડવારાના ઈન્સ્પેક્ટર કલ્પેશ જૈન માટે લીધી હતી.

એસીબીએને માહિતી મળતાં તેણે કલ્પેશના ઘરે દરોડો પાડવા પહોંચી હતી, પરંતુ કલ્પેશને આની જાણ પહેલાંથી જ થઈ ગઈ હતી. તે જલદીથી ઘરે પહોંચ્યો અને પોતાને એક રૂમમાં બંધ કરી દીધો હતો. એસીબીએની ટીમ પણ ગણતરીના સમયમાં તેના ઘરે પહોંચી ગઈ હતી, પરંતુ કલ્પેશે ઘરનો દરવાજો ખોલ્યો નહોતો. તેણે આ સમયમાં પૈસાની થોકડીઓ ગેસના ચૂલા પર બાળવાનું શરૂ કરી દીધું હતું. એસીબીએએ બારીનો કાચ તોડીને કલ્પેશને આવું ન કરવાની સલાહ આપી હતી, તેમ છતાં તે માન્યો નહીં.

પિંડવારા પોલીસની મદદથી એસીબીએએ લગભગ ૧ કલાકની મહેનતે કટરથી દરવાજો કાપી નાખ્યો હતો. આ કાર્યવાહી મોડી રાત સુધી ચાલુ રહી હતી. એસીબીએનો દાવો છે કે તેણે લગભગ ૨૦ લાખ રૂપિયાની નોટો સળગાવી દીધી છે. ઘટનાસ્થળેથી એસીબીએને અડધી બળેલી નોટો મળી આવી છે.

# ભરૂચમાં યુવા ભાજપનો નેતા મિત્રની પત્નીને ભગાડી જતા ચકચાર મચી

ભરૂચ, ભરૂચ શહેર ભાજપ યુવા મોરચાનો મંત્રી હિમાંશુ વૈદ મિત્રની જ પત્નીને પ્રેમજાળમાં ફસાવીને ભગાડી જવાની ઘટનાથી ચકચાર મચી છે. બે સંતાનની માતાને ભગાડી જવાના કિસ્સામાં મહિલાના પતિ દ્વારા મિત્ર સામે ફરિયાદ નોંધવા એ ડિવિઝન પોલીસ મથકે અરજી આપી છે. જ્યારે ભાજપની છબીને કાલીક લગાડનાર યુવા મોરચાના મંત્રી હિમાંશુ વૈદને ભરૂચ જિલ્લા પ્રમુખે ૬ વર્ષ માટે સસ્પેન્ડ કર્યો છે.



ભરૂચના સોનેરી મહલ વિસ્તારમાં આવેલ સતપંથ મંદિર નજીક રહેતો હિમાંશુ વૈદ ભાજપમાં શહેર યુવા મોરચાનો મંત્રી છે. જેને ઘર નજીક રહેતાં અકે સમાજના પ્રમુખ સાથે વર્ષો જુની મિત્રતા હતી. મિત્ર સાથેના ઘરબોના કારણે હિમાંશુ તેના ઘરે અવરજવર કરતો હતો. દરમિયાન તેની આંખ તેની મિત્રની પત્ની સાથે મળી ગઈ હતી. મિત્રની પત્ની સાથે આંખ મળી જતાં હિમાંશુનો બે સંતાનની માતા એવી મિત્રની જ પત્ની સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. બીજી તરફ ભોળા ભાવના એક સમાજના પ્રમુખ એવા પતિને મિત્ર તેમજ પત્ની વચ્ચે શું ચાલી રહ્યું છે તેની ખબર ન હતી. ઘરે રોજ મિત્રની બેઠકોના દોર વચ્ચે પત્ની ગુમ થતાં ભાજપના યુવા મોરચાના મંત્રી હિમાંશુ વૈદના ઘરે જ પતિએ પત્નીની શોધખોળ માટે દોટ લગાવી હતી.

જો કે હિમાંશુ વૈદના ઘરે તપાસ કરતાં તે પણ મળી આવ્યો ન હતો. એટલું જ નહીં બંનેના મોબાઈલ પોન પણ ઘરે જ મકી તેઓ જતા રહ્યા હતા. મિત્ર અને તેની પત્નીની કરતૂત બાબતે અંતે મહિલાના પતિએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ભરૂચ શહેરમાં સામાજિક અને રાજકીય રીતે આ કિસ્સો ટોક ઓફ ધ ટાઉ બનતાં ભરૂચમાં ભાજપની શાખ ખરડાઈ હતી. જેથી પ્રમુખ મારૂતિસિંહ અટોદરીયા દ્વારા હિમાંશુ વૈદને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

## વેરો ન ભરતા મહેસાણા નગરપાલિકાએ વધુ ૧૩ દુકાનોને સીલી કરી

મહેસાણા, મહેસાણા નગરપાલિકામાં બાકી મિલ્કતવેરા મામલે પાલિકાની ટીમ કામે લાગી છે, અને વધું ૧૩ દુકાનો ને વેરો ન ભરતા તેને સીલ કરવામાં આવી છે. વેરા વસુલાત કામગીરી સમયે જ ૬ દુકાનદારોએ કાર્યવાહી થાય તે પહેલાં વેરો ભરી દીધો છે. મહેસાણા નગરપાલિકાની ટીમે વેરા વસુલાત ઝુંબેશ શરૂ કરતાં મહેસાણા ભાગ ૧માં અનેક મિલકતોના બાકી વેરા મામલે નોટિસ અપાવી અને રીઢા બકીદારો સામે કડક પગલાં ભરતા મિલકતો સીલ કરવામાં આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૬-૦૩-૨૦૨૧, શુક્રવાર, ફાગણ સુદ-૧૨/૧૩, સૂર્યોદય-૬-૧૮, સૂર્યાસ્ત-૬-૩૫, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ માઘ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

### ૨૪ કલાકમાં ૫૩,૪૭૬ લોકો સંક્રમિત, ૨૫૧ દર્દીનાં મોત

# કોરોનાનો ખતરનાક ફૂંફાડો, પાંચ મહિના બાદ કેસ ફરી ૫૦,૦૦૦ને પાર

ન્યુ દિલ્હી, ભારતમાં કોરોના વાયરસ ફરી એકવાર બેકાબુ બન્યો હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. કોરોના વાયરસના કેસ વધતા રોજ નવા રેકોર્ડ બની રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દરી એકવાર ૫૩ હજારથી વધારે લોકો કોરોના પોઝિટિવ જણાયા છે. લગભગ ૫ મહિના બાદ ભારતમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૫૦ હજારને પાર પહોંચી ગયો છે જે ખરેખર ડરામણો છે.




સાથે જ કોરોના વેક્સીનેશન પણ પોતાની ગતિએ ચાલી રહ્યું છે. છેલ્લા ૨ મહિનામાં દેશમાં ૫ કરોડ વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. ભારતની ૧૩૭ કરોડની આબાદીના કારણે વેક્સીનેશનની ગતિ ઘટી છે. જે રીતે કેસ વધવાના શરૂ થયું છે તે રીતે હર્ડ ઈમ્યુનિટી આવવાનો અણસાર ઓછો છે.

એક દિવસમાં દેશમાં કોરોનાના ૫૩ હજાર ૪૧૯ નવા કેસ આવ્યા છે. સામે એક દિવસમાં દેશમાં કોરોનાથી ૨૬ હજાર ૫૭૫ દર્દી સાજા પણ થયા છે. એક દિવસમાં દેશમાં કોરોનાથી ૨૪૯ દર્દીના મૃત્યુ પણ થયા છે. ભારતમાં કોરોનાના એક્ટીવ કેસ ૩ લાખ ૪૯ હજાર ૯૫૬ થયા છે. દેશમાં કોરોનાના કુલ કેસ ૧ કરોડ ૧૭ લાખ ૮૭ હજાર ૧૩ સુધી પહોંચી ચૂક્યા છે. કોરોનાથી રિકવર દર્દીની કુલ સંખ્યા ૧ કરોડ ૧૨ લાખ ૨૯ હજાર ૫૯૧ થઈ છે. કોરોનાથી કુલ મૃત્યુઆંક ૧ લાખ ૬૦ હજાર ૭૨૬ સુધી પહોંચી ચૂક્યો છે.

દેશમાં સૌથી વધારે ભયાવહ સ્થિતિ મહારાષ્ટ્રની છે. અહીં ૨૪ જ કલાકમાં ૩૧ હજારથી વધારે કોરોના કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં લગભગ દરરોજ કોરોના નાવયરના નવા કેસ પોતાના જ જુના રેકોર્ડ તોડી રહ્યો છે. પરિણામે રાજયના અનેક શહેરોમાં સંપૂર્ણ લોકડાઉન લગાવવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં હવે એક્ટિવ કેસની સંખ્યા પણ વધીને અઢી લાખે પહોંચી ગઈ છે. આ સંખ્યા દેશના તમામ રાજ્યોમાં સૌથી વધારે છે.

ભારતમાં કોરોના વાયરસના દૈનિક કેસમાં મે ૨૦૨૦ બાદ સૌથી વધુ તેજી જોવા મળી છે. ગત એક અઠવાડિયામાં ભારતમાં દરરોજ સરેરાશ ૪૨૧૬૨ નવા કેસ સામે આવ્યા છે, જે ૨૮ નવેમ્બર ૨૦૨૦ બાદથી સૌથી વધુ સાપ્તાહિક સરેરાશ છે. ગત અઠવાડિયે આ સંખ્યા ૨૫૧૩૭ હતી. ગત અઠવાડિયાની તુલનામાં આ અઠવાડિયે દરરોજ ૭.૭% વધુ નવા કેસ સામે આવ્યા છે. ભારતમાં કોવિડ ૧૯ના દૈનિક કેસ ફક્ત ૧૧ દિવસમાં ૨૦ હજારથી ૪૨ હજાર પહોંચી ગયા છે, જ્યારે પહેલી લહેર દરમિયાન ૩ જુલાઈ અને ૨૪ જુલાઈ દરમિયાન ૨૦,૦૦૦ થી ૪૨,૦૦૦ સુધી પહોંચવામાં ૨૧ દિવસની તુલમાં ૧૦ દિવસ બાકી છે.

હાલ જે રેટને ભારતમાં કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે. જો આ તેના પર રોક નહી લાગે તો ભારતનો દર ૨૭ માર્ચ સુધી અમેરિકા અને ૨ એપ્રિલ સુધી બ્રાજીલ કરતાં આગળ નિકળી જશે. અત્યારે બ્રાજીલ દુનિયાના સૌથી મોટા કોવિડના હોટસ્પોટ છે અને અહીં સરેરાશ દરરોજ ૭૫૫૭૦ નવા કેસ સામે આવી રહ્યા છે. તો બીજી તરફ અમેરિકામાં ગત અઠવાડિયે કોવિડ ૧૯ ના સરેરાશ ૫૪૧૪૧ નવા કેસ સામે આવ્યા હતા.

# ઉત્તર કોરિયાએ બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યુંઃ જાપાન ભડક્યું

સિયોલ, અમેરિકામાં રાષ્ટ્રપતિ જો બાઈડને પદભાર સંભાળ્યો ત્યાર બાદ ગુરૂવારે પ્રથમ વખત ઉત્તર કોરિયાએ બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. અમેરિકા સાથેની કૂટનીતિમાં ઘર્ષણ બાદ ઉત્તર કોરિયાનું આ પગલું જો બાઈડન પ્રશાસન પર દબાણ બનાવવા અને પોતાની સૈન્ય ક્ષમતામાં વધારો કરવા ફરી પરીક્ષણ શરૂ કરવાનો સંકેત આપે છે.



જાપાનના વડાપ્રધાન યોશિહિદે સુગાએ કહ્યું કે, આ પરીક્ષણ "જાપાન તથા ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા" માટે જોખમી છે તથા ટોક્યો ઉત્તર કોરિયાની ગતિવિધિઓ મામલે અમેરિકા અને દક્ષિણ કોરિયા સાથે સંકલન જાળવી રાખશે.

દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફે જણાવ્યું કે, સવારે ૭:૦૬ કલાકે અને ૭:૨૫ કલાકે ઉત્તર કોરિયાના પૂર્વીય તટ પર મિસાઈલ લોન્ચ થઈ હતી. આ મિસાઈલોએ સમુદ્રમાં પડતા પહેલા ૪૫૦ કિમીનું અંતર કાપ્યું હતું.

અમેરિકા હિંદ-પ્રશાંત કમાનના પ્રવક્તા કેપ્ટન માઈક કાફકાએ અમેરિકી સેનાને મિસાઈલ અંગે જાણકારી છે અને તે પોતાના સહયોગીઓ સાથે પરામર્શ કરીને સ્થિતિ પર નજર રાખી રહી છે તેમ જણાવ્યું હતું. વધુમાં કહ્યું કે, "આ ગતિવિધિઓથી સાબિત થાય છે કે, ઉત્તર કોરિયાના ગેરકાયદેસર હથિયારોના કાર્યક્રમથી તેના પાડોશીઓ અને આંતરરાષ્ટ્રીય સમુદાયને જોખમ છે."

અમેરિકા સાથેની પરમાણુ વાર્તામાં ઘર્ષણ વચ્ચે ઉત્તર કોરિયાએ આ પરીક્ષણ કર્યું છે. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન અને અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફેબ્રુઆરી ૨૦૧૯માં યોજાયેલી બીજી શિખર વાર્તા અસફળ રહી ત્યાર બાદ બંને દેશ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. વાર્તા દરમિયાન અમેરિકાએ ઉત્તર કોરિયાની પોતાનો પરમાણુ કાર્યક્રમ આંશિકરૂપે બંધ કરવાના બદલામાં પોતાના પર લાગેલા પ્રમુખ પ્રતિબંધો હટાવવા કહ્યું હતું તે માંગણી ફગાવી દીધી હતી.

ઉત્તર કોરિયા આજ સુધી બાઈડન પ્રશાસનના વાતચીત માટેના પ્રયત્નોને નજરઅંદાજ કરતું આવ્યું છે. દક્ષિણ કોરિયાઈ સંરક્ષણ મંત્રાલયના અહેવાલ પ્રમાણે રવિવારે પણ ઉત્તર કોરિયાએ ઓછા અંતરની મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું જે એપ્રિલ ૨૦૨૦ બાદનું પ્રથમ પરીક્ષણ હતું.

## દૈનિક રાશીફળ

તા.૨૬.૦૩.૨૦૨૧ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.) :- મિત્રો સગા સ્નેહીજનો સાથે મિલન મુલાકાત થાય ઉત્સાહ વધવાનો. અચાનક લાભની આશા ફળવાની રોમાન્સમાં સફળતા.

વૃષભ (બ.વ.ઉ.) :- બીઝનેશના પ્રશ્નમાં દિવસ લાભદાયી નીવડે આર્થિક લાભ મલવાનો તબીયત બાત બેદરકારી ન રાખવી. મિલકતથી લાભ.

મિથુન (ક.છ.ઘ.) :- શુભેચ્છકોનો સહયોગ મલવાનો નવા આયોજન બાબત સફળતાવાળો દિવસ રહે. સ્નાયુને લાભ તકલીફોથી જાળવવું.

કર્ક (ડ.હ.) :- મનગમતી વ્યકિતની મુલાકાત થાય ઉત્સાહ વધવાનો ખાણી પીણીથી જળવવું કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય.

સિંહ (મ.ટ.) :- ખુશામત ખોરોથી જાળવજો. મિલ્કતના પ્રશ્નોથી લાભ વધુ પડતો કાર્યભાર ટાળજો વિદેશથી સારો લાભ મલવાનો.

કન્યા (પ.ઠ.ણ.) :- કારણ વગરના વિચારોથી દૂર રહેજો સ્વજનો સાથે વિચાર વિર્મશ કરો -નકારાત્મક વિચારો દૂર રહેજો. પ્રવાસથી લાભ.

તુલા (ર.ત.) :- મનની ઈચ્છાઓ ફળવાની છે નોકરીમાં કોઈ સારો લાભ રહે. પિતાશ્રી સાથે દલીલ લાભથી દૂર રહેવું.

વૃશ્ચિક (ન.ય.) :- ખર્ચ ઉપર લગાવ રાખવી જરૂરી રહે. નવી ઓળખાણથી લાભ, નોકરીમાં સ્થિરતા રાખવી જરૂરી રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક સાહસો માટે કોઈ ઉતાવળ ન કરવી મુલાકાત સફળ થાય. બીજા ઉપર વધુ વિશ્વાસ ન રાખવો.

મકર (ખ.જ.) :- અગત્યની કામગીરી આગળ વધવાની છે. વધુ પડતા અધીરા ન થતા વીજાતીય વ્યકિતથી લાભ રહેવાની.

કુંભ (ગ.શ.સ.) :- મિત્ર વર્તુળમાં વધારો થવાનો છે કુનેહ પૂર્વક નિર્ણયો લેજો સાંજ પછી કોઈ સારો લાભ રહે.

મીન (દ.ચ.ઝ.) :- મહત્વના કાર્યોમાં સફળતા રહે. આવક વૃધ્ધિ થાય પરિવારમાં ઉત્સાહ રહે. માંગલીક પ્રસંગો સફળ થાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લા પોલીસ દ્વારા કોરોના સામે જનજાગૃતિ માટે એક નવતર પહેલ

- પોલીસ વડા હિતેશ જોયસરની આગેવાનીમાં બે દિવસ જનજાગૃતિ ઝુંબેશ અન્વયે ૩૦ હજાર લોકોને માસ્ક અપાશે.
- લોકોને કોરોના એપ્રોપ્રીએટ બિહેવીયર એટલે કે કોરોના સામે સાવચેતીના પગલાંઓ વિશે માહિતી અપાશે.
- ઝુંબેશ બાદ પણ બેદરકાર રહેતા લોકો સામે વિવિધ એક્ટ અન્વયે કડક કાર્યવાહી કરાશે.

દાહોદ,

દાહોદ જિલ્લા પોલીસ દ્વારા પોલીસ વડા હિતેશ જોયસરની આગેવાનીમાં કોરોના સામે લોકજાગૃતિ લાવવાના હેતુસર એક નવતર ઝુંબેશ બે દિવસ ચલાવવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં પોલીસકર્મીઓ દ્વારા માસ્ક પહેરવા બાબતે બેદરકાર રહેતા લોકોને ૩૦ હજાર માસ્કનું વિતરણ કરાશે. ઉપરાંત કોરોના એપ્રોપીએટ બિહેવીયર એટલે કે કોરોના સામે સાવચેતીના પગલાંઓ બાબતે લોકોને માહિતગાર કરવામાં આવશે. ઝુંબેશના આ બે દિવસ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

તો માસ્ક બાબતે કોઈ દંડ નહી લેવામાં આવે, પરંતુ ત્યાર બાદ માસ્ક સહિત કોરોના બાબતે જે લોકો બેદરકારી દાખવશે તેમના સામે કડક કાર્યવાહી કરવાનું પણ તેમણે જણાવ્યું છે.

આજ થી શરૂ કરવામાં આવેલી બે દિવસીય ઝુંબેશ વિશે માહિતી આપતા પોલીસ વડા જોયસર જણાવે છે કે, છેલ્લા ઘણાં સમયથી કોરોનાના કેસોમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. ત્યારે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાના દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં માસ્કનું વિતરણ કરવામાં આવશે અને કોરોના એપ્રીપીએટ બિહેવીયર બાબતે લોકોને સજાગ કરવામાં આવશે. આ બે દિવસમાં ૩૦ હજાર માસ્કનું નાગરિકોને વિતરણ કરીને માસ્ક પહેરવા માટે લોકોને જાગૃત કરવામાં આવશે. સાથે કોરોનાથી બચવાના વિવિધ ઉપાયોગ વિશે પણ લોકોને જણાવાશે. આ બે દિવસ સમગ્ર જિલ્લામાં કોરોના સામે જોરદાર જાગૃતિ ઝુંબેશ પોલીસ વિભાગ-આરોગ્ય વિભાગ દ્વારા ચલાવાશે અને નાગરિકોને માસ્ક બાબતે દંડિત પણ નહી કરાય.

આ જનજાગૃતિ ઝુંબેશ બાદ પણ જે લોકો માસ્ક નથી પહેરતા, સામાજિક અંતરનું પાલન નથી કરતા, સેનિટાઇઝરનો ઉપયોગ નથી કરતા કે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા કોરોના સંબધિત નિયમોનું પાલન નથી કરતા તેમની સામું કડક કાર્યવાહી કરવામાં આવશે. જેમાં જાહેરનામાનો ભંગના કેસ કરાશે, ઉપરાંત એપિડેમિક એક્ટ અન્વયે પણ લોકો સામું ગુનો દાખલ કરાશે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમોની જોગવાઇ મુજબ પણ લોકો સામું કાર્યવાહી કરવામાં આવશે. કોરોના સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે ત્યારે આ સંક્રમણને રોકવા કડક પગલાં લેવા અનિવાર્ય બન્યા છે. જેથી સંક્રમણને રોકી શકાય.


તેમણે ઉમેર્યું કે, પોલીસકર્મી અને તંત્ર દ્વારા કોરોના સામે ચાલી રહેલી ઝુંબેશમાં સહયોગ આપે. પોલીસ કે તંત્રના કર્મચારીઓ સાથે આ બાબતે ઘર્ષણમાં ઉતરનાર વિરૂદ્ધ પાસા સહિતની કડક કાર્યવાહી કરવામાં આવશે. કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો છે ત્યારે લોકો કોરોના સામે સહયોગ આપે તે અપેક્ષિત છે. કોરોના કેસો નોંધાશે ત્યાં કન્ટેઈમેન્ટ, માઈક્રો કન્ટેઈમેન્ટ વિસ્તાર પણ ઘોષિત કરવામાં આવશે અને આ વિસ્તારના લોકોએ આ બાબતના તમામ નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. આગામી હોળી-ધૂળેટીના તહેવારોમાં પણ ખાસ સાવચેતી રાખીને કોઈ પણ નિયમનો ભંગ કરવાનો નથી અને કોરોનાની તમામ સાવચેતીઓનું પાલન કરવાનું છે. માસ્ક એ કોરોના સામે બચાવ માટે ખૂબ જરૂરી છે, નાગરિકો માસ્ક પહેરવાની ખાસ તસ્દી લે.

### દાહોદના આદિવાસીઓની હોળીનો પ્રારંભ :

## આજે વર્ષ દરમિયાન મૃતક સ્વજનની દાટી રાખેલી અસ્થિનું વાજતેગાજતે કરે છે વિસર્જન

દાહોદ,

વહેલી પરોઢે નજીકની પવિત્ર નદીમાં અસ્થિ વિસર્જન કરવામાં આવે છે. ગરબાડા તાલુકાનાં વરમખેડા ખાતે પહાડોની વચ્ચે ભીમકુંડ તરીકે ઓળખાતી જગ્યાને પવિત્ર માનવામાં આવે છે.દાહોદ જીલ્લો એટલે આદિવાસી બાહુલ્ય ધરાવતો જીલ્લો છે. આમતો આદિવાસીઓ તમામ તહેવારોની ઉજવણી આજેપણ પોતાની એજ જૂની સંસ્કૃતિ પ્રમાણે કરતા હોય છે. હોળી એટલે દાહોદ જીલ્લાના આદિવાસીઓનો મુખ્ય તહેવાર ગણાય છે. દાહોદ જિલ્લાનો આદિવાસી ગુજરાતના કે દેશના કોઈપણ ખૂણે હોય હોળીની



ઉજવણી કરવા માટે તે માદરે વતન જરૂર આવે છે. ત્યારે આમલી અગિયારસના દિવસ એટલે આજથી આદિવાસીઓની હોળીની શરૂઆત થઈ જતી હોય છે.આમલી અગિયારસના દિવસે આખા વર્ષ દરમિયાન મૃત્યું પામેલા સ્વજનના અસ્થિ વિસર્જન માંટે ગરબાડા તાલુકાનાં વરમખેડા ખાતે આવેલા ભીમકુંડ ખાતે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે.

સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિના મૃત્યું પછી ૧૨ માની વિધિ પછી પવિત્ર નદીમાં અસ્થિ વિસર્જનની પ્રથા હિન્દુ સમાજમાં રહેલી છે. ત્યારે દાહોદ જિલ્લાના આદિવાસી સમાજમાં અસ્થિ વિસર્જન માટે અલગ જ પ્રથા છે. આદિવાસી સમાજના લોકો વર્ષ દરમિયાન જે કોઈ સ્વજનનું મૃત્યુ થયું હોય તેમના અસ્થિ માટીની કુલડીમાં ભરી ઘરની નજીક જમીનમાં દાટી દેતા હોય છે. જે બાદ આમલી અગિયારસના આગલા દિવસે સગા સબંધીઓની હાજરીમાં અસ્થિ બહાર કાઢવામાં આવે છે. વિધિ વિધાન સાથે અસ્થિને જળાભિષેક તેમજ દૂધનો અભિષેક કરવામાં આવે છે અને આખી રાત દૂધ માંજ રાખવામા આવે છે.

ત્યારબાદ વહેલી પરોઢે નજીકની પવિત્ર નદીમાં અસ્થિ વિસર્જન કરવામાં આવે છે. ગરબાડા તાલુકાનાં વરમખેડા ખાતે પહાડોની વચ્ચે ભીમકુંડ તરીકે ઓળખાતી જગ્યાને પવિત્ર માનવામાં આવે છે. જેમાં આસપાસના ગામોમાંથી લોકો ઢોલ નગારા સાથે સ્વજનની અસ્થિ લઈ ને આવે છે અને મૃતક સ્વજનના મોક્ષ માટે પવિત્ર ભીમકુંડમાં અસ્થિ વિસર્જન કરે છે. પ્રાચીન સમયથી ચાલી આવતી પરંપરા આજે પણ યથાવત છે.

## દેવગઢ બારીયા તાલુકાના પીપલોદ બજારમાં ખુલ્લે આમ ખેડૂતોને લૂંટતા વેપારીઓ

દાહોદ,

દાહોદ જિલ્લામાં ખેડૂતોની ઉઘાડી લૂંટ કરતા વેપારીઓ. ભલે ખેડૂતો અનાજ વેચવા જાય કે કઠોળ વેચવા જાય કે પછી અન્ય કોઈપણ ચીજવસ્તુ વેચવા જાય. તેમાં નવા નવા નિયમો બતાવી ધાક-ધમકી આપી વેપારીઓ લૂંટતા હોય છે.

અને જ્યારે ખેડૂતો વેપારીઓ પાસે અનાજ કે વાસણો કે સોના-ચાંદીના દાગીના ખરીદી કરવા જાય ત્યારે પણ નવા નવા નિયમો બતાવી ખેડૂતો પાસે તેની કિંમત કરતાં પણ વધારે રૂપિયા વસૂલતા હોય છે. તેમાં પણ કોઈ બિલ કે લેખિતમાં કોઈપણ પુરાવો આપતા નથી. ખેડૂતો કોઈ પણ લેખિતમાં પુરાવા માંગે બિલ માંગે તો ખેડૂતોને ધાક-ધમકી આપી અને ભગાડી મૂકે છે અને વેપારીઓ કહે છે કે તમે થાય તે કરી લો તેવી ધમકી આપી ખેડૂતને ભગાડી મૂકે છે. તો શું ? ખેડૂતો માટે આવા નિયમો છે તો વેપારીઓ માટે નથી. જો વેપારીઓને માટે નિયમ હોય તો સુ સરકારી તંત્ર વેપારીઓને કાબૂમાં લઈ શકે! તે પણ ગરીબ પ્રજાને ખબર નથી. તો ખરેખર આવી ઉઘાડી લૂંટ થતી હોય તો દાહોદ જિલ્લામાં સરકારી તંત્રએ ખેડૂતોને જાગૃત કરવા ગામડે ગામડે સરકારી તંત્રએ મોબાઈલ નંબરના બોર્ડ મૂકવું જરૂરી છે તથા ગામડે ગામડે મિટીંગો કરી પ્રજાને જાગૃત કરવું જરૂરી છે કે પછી સરકારી તંત્રને હપ્તા જતા હોય છે. તે પણ પ્રજા માટે ચિંતાનો વિષય છે અને હાલમાં ચૂંટાયેલા શુભ ચિંતકોને પણ પ્રજાની અપીલ છે કે આવા વેપારીઓ લૂંટતા હોય તેને કાબૂમાં લેવા પ્રજાની મદદે આવે તેવી દાહોદ જિલ્લાની પ્રજાની માંગ છે.

## વિશ્વ ટીબી દિવસ નિમિત્તે સેલ્ફી વિથ માસ્ક જેવી પ્રવૃતિઓ યોજી જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો




દાહોદ,

દાહોદના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જેકોટ ખાતે ગત રોજ ૨૪ માર્ચે વિશ્વ ટીબી દિન નિમિત્તે લોકજાગૃતિ કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજની આગેવાનીમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ટીબી હારેગા, દેશ જીતેગા જેવા વિવિધ બેનરો સાથે સેલ્ફી વિથ માસ્ક જેવી વિવિધ પ્રવૃતિઓ યોજી લોકજાગૃતિ આણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ દિવસ નિમિત્તે જિલ્લા અદાલત, વૃદ્ધાશ્રમ, ખાનગી તબીબો તેમજ તાલુકા કક્ષાએ વિવિધ સ્થળે કાર્યક્રમ યોજી ટીબી બાબતે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા ક્ષય અધિકારી તેમજ આરોગ્યકર્મીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓમાં જિલ્લા વિકાસ અધિકારીની ઓચિંતી મુલાકાત



દાહોદ,

જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે ગત તા. ૨૪ ના રોજ જિલ્લા પંચાયતની તમામ શાખાઓની આકસ્મિક મુલાકાત લીધી હતી અને કચેરી દ્વારા કરવામાં આવતી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ ઓચિંતી મુલાકાતમાં ૫ અધિકારીઓ તેમજ ૩૦ જેટલા કર્મચારીઓ ગેરહાજર માલુમ પડયાં હતા. જેમાં નાયબ ચિટનીશ, સિનિયર તેમજ જૂનીયર કલાર્ક ગેરહાજર હતા. આ તમામ અધિકારીઓ-કર્મચારીઓને જિલ્લા વિકાસ અધિકારીએ કારણ દર્શક નોટીશ ફટકારી છે અને ભવિષ્યમાં આવી ભૂલ થશે તો પંચાયત સેવા શિસ્ત અને અપીલના નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે. તમામ શાખાઓમાં જિલ્લા વિકાસ અધિકારીએ પ્રજાલક્ષી કામગીરી સમયસર પૂર્ણ કરવા સૂચના આપી હતી.

## કોરોના વાયરસને નાથવા માટે દાહોદમાં ૩૦ ધન્વંતરી રથો મેદાનમાં ઉતારાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા એક અરસાથી વધી રહેલા કોરોના વાયરસના કેસોને નિયંત્રિત કરવા માટે સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા ફરીથી ધન્વંતરિ રથ શરૂ કરવામાં આવ્યા છે. ધન્વંતરિ રથ દ્વારા જનઆરોગ્યની સઘન ચકાસણીની સાથે લોકજાગૃતિનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.

કલેક્ટર વિજય ખરાડીએ આ બાબતે માહિતી આપતા જણાવ્યું કે, દાહોદમાં આઠ, લીમખેડા, સિંગવડ, સંજેલી, ગરબાડા અને ધાનપુરમાં બે-બે, દેવગઢ બારિયા, ફતેપુરા અને ઝાલોદમાં ચાર-ચાર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ધન્વંતરિ રથો શરૂ કરવામાં આવ્યા છે. આમ દાહોદ જિલ્લામાં કૂલ ૩૦ ધન્વંતરિ રથો કાર્યરત કરી દેવામાં આવ્યા છે.

આ રથમાં તબીબો સાથેની એક ટીમ રાખવામાં આવી છે. જે લોકોના આરોગ્યની ચકાસણી કરી જરૂર પડે તો દર્દીઓને કોરોના ટેસ્ટ માટે રિફર કરશે. આ ઉપરાંત, દવાઓ પણ રથમાં રાખવામાં આવી છે. નાગરિકોને પણ અપીલ કરવામાં આવે છે કે, કોરોના વાયરસના લક્ષણ જણાય તો તુરંત ટેસ્ટ કરાવી સારવાર કરાવી લેવી જોઈએ. ઉંમરથી લાયકાત ધરાવતા વ્યક્તિએ કોરોના વાયરસની રસી લઈ લેવી જોઈએ.

દાહોદમાં વધતા જતાં કોરોનાના કેસોને ધ્યાને રાખીને દેવગઢ બારિયા, ઝાલોદ અને લીમખેડા ખાતે કોવિડ કેર સેન્ટર ખોલવાનું આયોજન છે. જરૂર પડે તો ત્યારે આ સ્થળોએ કોરોનાના માઈલ્ડ અને એસિમ્પ્ટોમેટિક દર્દીઓની સારવાર કરવામાં આવશે.

પાડોશી રાજ્ય સાથે જોડાયેલી દાહોદ જિલ્લાની સરહદે પણ આરોગ્ય વિભાગની ટીમો તૈનાત કરી દેવામાં આવી છે. સરહદો ઉપર શંકાસ્પદ લાગતા દર્દીઓના ટેસ્ટ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૬૫૦થી વધુ દર્દીઓના રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. કોરોનાના દર્દીઓ જ્યાં મળી આવે ત્યાં માઈક્રો કન્ટેઈન્મેન્ટ ઝોનને લગતી કાર્યવાહી કરવા માટે સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી છે. નાગરિકો પણ આ ઝોનને લગતા નિયમોનું ચુસ્તતાથી પાલન કરી સહયોગ આપે એ જરૂરી છે.

## વેક્સિન સંપૂર્ણ સલામત છે, કોઈ આડઅસર નથી : રાજેન્દ્ર ગામેતી

દાહોદ,

દાહોદ જિલ્લામાં વેક્સિનેશનનો બીજો તબક્કો ચાલી રહ્યો છે. આ તબક્કામાં હજારો ૬૦ થી વધુ વયના વડીલોએ કોરોનાની વેક્સિન લીધી છે. આ ઉપરાંત ૪૫ થી વધુ વયના ગંભીર રોગ ધરાવતા લોકોને પણ વેક્સિન આપવામાં આવી રહી છે. તેનો પણ હજારો લોકોએ લાભ લીધો છે. આ સૌનો વેક્સિન બાબતે એક જ અનુભવ છે કે, કોરોના વેક્સિન સંપૂર્ણ સલામત છે. વેક્સિનેશનના આ બીજા તબક્કાનો લાભ સત્વરે લઈએ અને ઘરના વડીલો જેમને રસી આપવાની બાકી હોય તેમને રસી અપાવીએ અને કોરોના સામે સુરક્ષિત કરીએ. જેમણે વેક્સિન લઈ લીધી છે. તેઓ બીજાને પણ પોતાનો અનુભવ જણાવીને વેક્સિન લેવા પ્રેરિત કરે. આજે કોરોનાની વેક્સિનના બંને ડોઝ લેનારા કર્મયોગીની વાત કરવાની છે.

જિલ્લા સેવા સદન ખાતે મધ્યાહન ભોજન યોજનામાં



ડેપ્યુટી કલેક્ટર તરીકે ફરજ બજાવતા રાજેન્દ્ર બાબુભાઈ ગામેતી પોતાનો વેક્સિન અંગેનો અનુભવ જણાવતા કહે છે કે, મેં કોરોનાની રસીના બંને ડોઝ લીધા છે. હું સંપૂર્ણ સ્વસ્થ છું. તેમજ કોઈ પણ પ્રકારની આડઅસર જણાઈ નથી. વેક્સિન અંગેની ખોટી અફવાઓથી નાગરિકોએ દૂર રહેવું. વેક્સિન વેળાસર લઈ લેવા તમામ નાગરિકોને અપીલ કરૂં છું.

તેઓ જણાવે છે કે, વેક્સિન લીધા બાદ પણ કોરોનાની સાવચેતીઓનું પાલન કરવાનું છે. સૌ નાગરિકો ઘર બહાર નીકળે ત્યારે માસ્ક અવશ્ય પહેરે. દો ગજની દૂરીનું પાલન કરે અને સામાજિક અંતર જાળવે. સેનિટાઈઝરનો ઉપયોગ કરે તેમજ ભીડવાળી જગ્યાઓ કે મેળાવડાઓમાં જવાનું ટાળે. પ્રસંગોમાં, ધાર્મિક કે સામાજિક મેળાવડામાં જવાનું ટાળે. ખાસ કરીને હવે આવી રહેલા હોળી-ધૂળેટીના તહેવારોમાં પણ મિલન-મુલાકાતો ટાળે અને કોરોના સામેની બધી સાવચેતીઓનું પાલન કરે.

## કોરોનાનો વેક્સિન જ સચોટ ઉપાય હોવાનું જણાવતા કર્મયોગી ભાવિન શાહ



દાહોદ,

જિલ્લા પંચાયત આરોગ્ય શાખામાં ફાઈનાન્સ ઓફિસર તરીકે ફરજ બજાવતા ભાવિન શાહે કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. તેઓ જણાવે છે કે વેક્સિન સંપૂર્ણપણે સુરક્ષિત છે. તેની કોઈ પણ આડઅસર થઈ નથી. હું અત્યારે સ્વસ્થ છું. સરકારની માર્ગદર્શીકા પ્રમાણે જે પણ નાગરિકોનો વારો આવતો હોય તેઓ અચૂક કોરોનાની વેક્સિન લઈ લે. આ અંગે ઘણી અફવાઓ ફેલાયલી છે. આ અફવાઓ સદંતર ખોટી છે. વેક્સિનના બંને ડોઝ લીધા બાદ હું મારા અનુભવથી આ વાત જણાવી રહ્યો છું. જેમ રાજ્યના લાખો કોરોના વોરિયર્સ જેમણે વેક્સિનના બંને ડોઝ લીધા છે. તેમની પણ આ જ કેફિયત છે. તેઓ સૌ એકસૂરે સામાન્ય જણને વેક્સિન લેવા જણાવે છે. સરકારના કોરોના વેક્સિનેશન કાર્યક્રમના મહાઅભિયાનમાં સહયોગી થઈ દેશને કોરોનામુક્ત કરીએ. વેક્સિનેશનના આ બીજા તબક્કામાં જે પણ નાગરિકોનો વારો આવ્યો હોય તેઓ સત્વરે વેક્સિન લઈ લે. કોરોનાના કેસો દેશભરમાં વધી રહ્યાં છે. ત્યારે કોરોના સામે વેક્સિન જ સચોટ ઉપાય છે.

## વડોદરાના નવ નિયુક્ત મેયર કેયુર રોકડિયા કોરોના પોઝિટિવ

વડોદરા,

વધુ એક નેતાનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ વખતે વડોદરા મહાનગર પાલિકાના મેયર કેયુર રોકડીયા પોઝિટિવ આવ્યા છે. તેમને કોરોનાના લક્ષણો જણાતા તેમણે ટેસ્ટ કરાવ્યો હતો અને તે પોઝિટિવ આવ્યો છે. તેમણે પોતાના સંપર્કમાં આવેલા લોકોને પણ કોરોનાનો ટેસ્ટ કરાવી લેવાની સલાહ આપી છે. મેયર કેયુર રોકડીયાને ૩-૪ દિવસથી કોરોના પ્રારંભિક લક્ષણો હોવાનું જણાતા તેમણે ટેસ્ટ કરાવ્યો હતો. તેમણે કરાવેલો આરટી-પીસીઆર ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. તેમણે કોરોના આવ્યા બાદ ડૉક્ટરની સલાહ પ્રમાણે હોમ ક્વોરન્ટાઈન થવાનો નિર્ણય લીધો છે. એટલે કે તેમની તબિયત સ્થિર છે અને તેઓ ઘરે જ આરામ કરી રહ્યા છે. કેયુર રોકડીયાએ પાછલા ૩ દિવસમાં તેમના સંપર્કમાં આવેલા લોકોને પણ કોરોનાનો ટેસ્ટ કરાવી લેવા માટેની સલાહ આપી છે. મહત્વનું છે કે પાછલા વર્ષે જે રીતે કોરોના વકરી રહ્યો હતો તે રીતે ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે, જેમાં ગુજરાતમાં અગાઉ નોંધાયેલા કેસના આંકડાને નવા આંકડા પાછળ છોડી રહ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 181

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ આદિજાતિ વિકાસ અધિકારીને
# ૩૨ હજારની લાંચ લેતાં ACB એ રંગેહાથે ઝડપ્યો



ગોધરા,
પંચમહાલ જીલ્લાના હાલોલ પંથકમાં કન્યા છાત્રાલય માટે ભાડે આપનાર મકાન માલિક પાસેથી જીલ્લા આદિજાતિ વિકાસ મદદનિશ કમિશ્નર દ્વારા અરજદાર પાસેથી બે ભાડાની રકમ લાંચમાં માંગતા હોય અરજદાર લાંચની રકમ આપવા ન માંગતા હોય જેને લઈ અરજદારે લાંચ રૂશ્વત વિભાગના ટોલ ફ્રી નંબર ઉપર ફરિયાદ કરી હતી. જેને આધારે મહિસાગર એસીબી વિભાગે ટ્રેપ ગોઠવી હતી અને આજરોજ બે મકાન ભાડા પેટેની એક ભાડાની રકમ ૩૨,૦૦૦/–રૂપીયાની લાંચ લેતા ઈન્ચાર્જ મદદનિશ કમિશ્નરને ઝડપી પાડવામાં આવ્યા.

વિસ્તૃત વિગતો મુજબ પંચમહાલ જીલ્લાના હાલોલ વિસ્તારમાં આદિજાતિ કન્યા છાત્રાલય માટે અરજદારે માસીક ૩૨,૭૮૮/–રૂપીયાના ભાડેની પંચમહાલ આદિજાતિ વિકાસ કચેરીને આપેલ હતું. આદિજાતિ કન્યા છાત્રાલય માટે ભાડે થી મકાન આપનાર અરજદાર પાસે થી આદિજાતિ વિકાસ અધિકારી

- મદદનિશ કમિશ્નર અધિકારી એ છાત્રાલય માટે ભાડેથી લીધેલ મકાનની બે ભાડાની રકમ લાંચમાં માંગ્યા હતા.
- બે ભાડાની રકમ પૈકી એક ભાડાના ૩૨ હજારની લાંચ લેતાં ઝડપ્યા.

વર્ગ–૨ ઈન્ચાર્જ મદદનિશ કમિશ્નર મનહરભાઈ એસ.પટેલ એ મકાન છાત્રાલયના ભાડે ચડાવવા માટે બે ભાડાની રકમની લાંચ માંગી હતી. ઈન્ચાર્જ મદદનિશ કમિશ્નર દ્વારા બે ભાડાની રકમની લાંચ માંગતા હોય તે અરજદાર આપવા માંગતા ન હતા. જેને લઈ લાંચ રૂશ્વત વિભાગ મહિસાગરને લાંચ બાબતે ફરિયાદ આવી હતી. જેના આધારે મહિસાગર એસીબી દ્વારા ટ્રેપ ગોઠવવામાં આવી હતી. આજરોજ અરજદાર એ આદિજાતિ વિકાસ અધિકારીને બે ભાડાની રકમ પેટે એક ભાડાની રકમ રૂપીયા ૩૨,૦૦૦/–રૂપીયા આપવા પહોંચ્યા હતા અને મદદનિશ કમિશ્નર મનહરભાઈ એસ.પટેલને ૩૨,૦૦૦/– રૂપીયાની લાંચની રકમ લેતાં રંગેહાથે એસીબી એ ઝડપી પાડયા હતા. આદિજાતિ વિકાસ અધિકારી લાંચ લેતાં એસીબીના છટકામાં સપડાઈ જતાં લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## કાલોલના અગાસીની મુવાડી ગામે ગેરકાયદેસર રેતીના ટ્રેક્ટર પકડવા ગયેલા મામલતદાર પર ટ્રેક્ટર ઝુટવા સ્થાનિકોએ હુમલો કર્યો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલના અગાસીની મુવાડી પાસે આવેલ ગોમા નદીમાં ગેરકાયદેસર રેતી ખનન કરતા ખનિજ માફીયાઓ પર છાપો મારવા ગયેલી કાલોલ મામલતદારની ટીમ પર ખનન માફીયાઓના મળતિયા માથાભારે લોકોએ કર્યો હુમલો.

કાલોલ મામલતદાર કચેરી ખાતે એક જાગૃત નાગરિક દ્વારા ગોમાં નદીમાં રેતી ખનન અટકાવવા કરેલ લેખિત અરજીને લઈ ને કાલોલ મામલતદાર છેલ્લા બે દિવસથી ખનન માફીયાઓ પર તરાપ મારી રહ્યા છે. પંરતુ ખનિજ માફીયાઓની ચોર નજરથી મામલતદાર નદીમાં પહોંચે તે અગાઉ રેતી ખનન કરતા ખનિજ માફીયાઓ છુમંતર થઈ જતાં હોય છે.પરંતુ માથા ભારે ખનિજ માફીયાઓ ની ગેંગમાંથી મુશ્કેલી સજોતાં ટ્રેક્ટર ચાલક રંગેહાથ ઝડપાઈ જવાની બિકથી ભુમાફીયાઓ ટ્રેક્ટર છોડી ભાગતાં નદીમાં બિનવારસી પડેલ ટ્રેક્ટર કાલોલ મામલતદાર ટીમને હાથ લાગી ગયું હતું. જે ટ્રેક્ટર ને કાલોલ મામલતદાર કચેરી ખાતે લાવતાં રસ્તાઓ પર સ્થાનિક મળતીયાઓ અને ગેરકાયદેસર રેતી ખનન કરતા ખનિજ માફીયાઓ રોડ પર સુઈ જઈને આળ ઊભી કરી ટ્રેક્ટર ઝુંટવી લેવાનો પ્રયાસ કરી મામલતદાર ટીમ પર હુમલો કર્યો હતો. પરંતુ મહામુસીબતે જીવનાં જોખમે ટ્રેક્ટરને કાલોલ મામલતદાર કચેરી ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી કરી ટ્રેક્ટરની કિંમત આશરે ૪૫૦૦૦૦/– હોવાનાં અંદાજે રેતી દંડ પેટે ની રકમ અધિકારીના અંદાજ મુજબ એક લાખની થતી હોય તે મુજબની યોગ્ય કાર્યવાહી કરવા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કાલોલની કચેરી ખાતેથી લેખિતમાં મદદનીશ ભુસ્તરશાસ્ત્રીને જિલ્લા કલેક્ટર અને પ્રાંત અધિકારીને નકલ રવાના કરી હતી.

કાલોલ મામલતદાર કચેરીનાં રેતી ખનન માફીયાઓ સામે ધરખમ કાયેવાહી કરવામાં ગયેલ વહીવટીતંત્ર પર લોક ટીકાઓ પણ કાલોલ નગરમાં ચાલતાં બેફામ ખનિજ માફીયાઓને લઈ ને કરવામાં આવી હતી. દુર દુર સુધી જઈને ખનિજ માફીયાઓ સામે તંત્ર સફાળું બનવા જાય છે. પરંતુ કાલોલ શીશુ મંદિર પાછળથી પસાર થતી ગોમા નદીમાં થતાં ખનન સામે કાયેવાહી કેમ નહીં ? કે પછી દિવા તરે અંધારૂ જેવી નજર આવતાં લોકો માં ચર્ચાનો વિષય છે.

## કાલોલ MGVCL ના કોટ પાસેથી પસાર થતા કાલોલ હાલોલ રોડ પરની ગટરો ઊભરાઈ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ નગરમાં ફરી કોરોનાનો કેર વકરી રહ્યો છે. ત્યારે કાલોલ નગરમાં આવેલ MGVCL નાં કોટની પાસેથી પસાર થતા કાલોલ–હાલોલ રોડ પાસેથી પસાર થતી ગટર લાઈન સાફસફાઈ ન થતાં ગટર ઉભરાઈ આવી છે. હાલ કાલોલ નગરમાંથી પસાર થતી ગટરો ઉભરાતા ગંદા પાણીની દહેશત ફેલાઈ છે. જેના કારણે રોગચાળો ફાટી નીકળે તેવી સ્થિતિ સર્જાઈ છે. લાગતા વળગતાં તંત્ર દ્વારા યોગ્ય કામગીરી હાથ ધરી કોરોના મહામારીમાં કાલોલ નગરનાં મુખ્ય માર્ગની સમસર સાફસફાઈ થાય તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## જાંબુઘોડાના કાલીયાવાવ ગામે જુગાર રમતા ચાર ઈસમોને ઝડપ્યા

જાંબુઘોડા,
જાંબુઘોડા તાલુકા કાલીયાવાવ સરકારી દવાખાનાની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોય તે સ્થળે પોલીસ રેડ કરી ચાર ઈસમોને ૧૨૧૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જાંબુઘોડા તાલુકાના કાલીયાવાવ સરકારી દવાખાનાની બાજુમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન નીતીન પ્રભાતભાઈ, કિરણ ભીમાભાઈ બારીયા, મુકેશ મગનભાઈ બારીયા, મહેન્દ્રભાઈ વિક્રમભાઈ બારીયાને ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે દાવ ઉપર મુકેલ તેમજ અંગઝડતીમાં મળી ૧૨૧૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## વેજલપુર ગામે જાહેરમાં તલવાર લઈને લથડીયા ખાતા ઈસમને પોલસે ઝડપ્યો


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,
વેજલપુર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સુરેલી રોડ ઉપર બેંક સર્કલ પાસે એક ઈસમ જાહેરમાં તલવાર હાથમાં લઈને કૈફી પદાર્થ પી ને લથડીયા ખાતો ઝડપી પાડવામાં આવ્યો અને જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ વેજલપુર પોલીસ સ્ટાફ ગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સુરેલી રોડ ઉપર બેંક સર્કલ પાસે અમિત દલપતભાઈ પરમાર રહે. વાછાવાડાની મુવાડી જે કૈફી પદાર્થ પીધેલ હાલતમાં હાથમાં તલવાર લઈને ફરતો હોય જેને પોલીસે ઝડપી પાડયો હતો. આ બાબતે વેજલપુર પોલીસે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરાના ચોપડાખુર્દ ગામે પત્નીને મ્હેણાટોણા મારીને પતિનો અત્યાચાર, આખરે સાસરિયા સામે પોલીસ ફરિયાદ

શહેરા,
શહેરા તાલુકાની ચોપડાખુર્દ ગામની યુવતીને પતિ સહીત સાસરિયા પક્ષ દ્વારા તુ છોકરીને જન્મ આપે છે, અમોને છોકરી ગમતી નથી તુ અમારા ઘરમાંથી નીકળી જા તેમ કહીને વ્હેણા ટોણા મારીને, તેમજ દહેજ માટે શારીરીક અને માનસિક ત્રાસ આપતા ગોધરા મહીલા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પતિ સહીત સાસરીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર શહેરા તાલુકાના ચોપડાખુર્દ ગામના કૈલાશબેનના લગ્ન દરૂણીયા ગામના વિક્રમભાઈ પરમાર સાથે થયા હતા. તેમના દામ્પત્ય જીવનના ભાગરૂપે દીકરીનો જન્મ થયો હતો. તે વખતે પતિ વિક્રમભાઈ અને સાસુ બુનીબેન, તથા નણંદ શર્મિષ્ઠાબેન જોવા આવ્યા હતા. તેઓ કહેવા લાગ્યા હતા કે અમને છોકરી જોઈતી ન નહી અમને છોકરો જોઈતો હતો. તેમ કહીને મ્હેણાટોણા મારીને જતા રહ્યા હતા. ત્યારબાદ કૈલાશબેનના સસરા ધુળાભાઈ અને સાસરીયાઓ તેડવા આવતા કૈલાશબેન સાસરીમાં આવતા રહેલા હતા. ત્યારબાદ થોડા સમય પછી પતિ, સાસુ, સસરાએ તેએ છોકરીને જન્મ આપ્યો છે. તું ગમતી નથી તેમ કહીને શારીરીક અને માનસિક ત્રાસ આપતા હતા. તારા બાપાએ દહેજ ઓછુ આપેલ છે. મારે ગાડી લેવાની છે. તુ ઘરમાંથી નીકળી જા તેમ કહીને મ્હેણાટોણા મારતા હતા. ઘરસંસાર ચલાવવા માટે ત્રાસ કૈલાશબેન સહન કરતા હતા. સમય જતા ફરીવાર કૈલાશબેન ગર્ભવતી બનતા પુત્રીને જન્મ આપ્યો હતો, પતિ દવાખાનામાં આવીને તને છોકરીઓ જ જન્મે છે મને છોકરીઓ ગમતી નથી પછી દોઢેક વર્ષ સુધી તેડવા નહી આવેલા ત્યારબાદ ત્રણેક મહીના પહેલા સમાજના આગેવાનો દ્વારા સમાધાન કરીને સાસરીમાં મોકલી આપેલ હતી ત્યારબાદ પછી પણ પરિસ્થિતી જૈસે થે રહી હતી. પતિ દ્વારા ફરી વાક ગુના વગર માર મારવામાં આવ્યો હતો. આખરે ત્રાસેલા કૈલાશબેને ગોધરા મહીલા પોલીસ મથકમાં પતિ, સાસુ, સસરા, જેઠ, નણંદ સહીતના વ્યકિતઓ સામે ગોધરા મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કાલોલ પોલીસે મેદાપુર નજીકથી ૪૫ હજાર ઉપરાંતનો વિદેશી દારૂ ઝડપી પાડયો



કાલોલ,
કાલોલ પોલીસ સ્ટેશનના સીનીયર પી.એસ.આઈ એમ.કે.માલવીયાવ સહિત પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતાં. પી.એસ.આઈ ને ખાનગી બાતમીદાર તરફથી બાતમી મળેલ કે દોલતપુરા ગામનો દિલીપ ઉર્ફે દીલો સામંતસિંહ રાઠોડ અને કપિલભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ આ બંને ભાગીદારીમાં મેદાપુર ગામે નમરા ફળિયામાં ઈંટોના ભઠ્ઠા નજીક રહેતો રામાભાઇ ગુરજીભાઈ નાયકના આવાસના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખીને ત્યાંથી વિદેશી દારૂની બોટલો લઈને દોલતપુરા લાવી વેચાણ કરે છે. તેવી મળેલી ચોક્કસ બાતમીના આધારે જેતપુર ગામ નજીકથી બે પંચના માણસો બોલાવી રામાભાઇ ગુરજીભાઈ નાયકના બાતમી વાળા મકાનમાંથી ૩૪૯ નંગ બોટલ અને કપીલભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ ની એકટીવા ગાડી માંથી ૧૦ નંગ બોટલ સાથે બન્ને ઈસમોને ઝડપી પાડયા હતાં. જેમાં પોલીસે આ બન્ને ઈસમો પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩૫૯ ઝડપેલ બોટલો ની કિંમત રૂ. ૪૫,૫૪૦/ તથા મોબાઈલ ની કિંમત રૂ. ૭,૦૦૦/ મળી કુલ રૂપિયા ૫૨,૫૪૦/નો મુદ્દામાલ કબજે કરી પોલીસે બન્ને ની અટકાયત કરી પ્રોહીબિશન એક્ટ હેઠળની વિવિધ કલમો મુજબ ફરિયાદ નોંધીને વધુ તપાસ પોલીસે હાથ ધરી ભાગી છૂટેલા બૂટલેગર ને પકડવા તજવીજ શરૂ કરી છે.

## મોરવા(હ)ના મેત્રાલ ગામે ખેતરમાં આગ લાગતાં દોડધામ ફાયર ફાયટરો એ આગ ઉપર કાબુ મેળવ્યો


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના મેત્રાલ ગામે ખેતરમાં આગ લાગતાં દોડધામ મચી જવા પામી છે. ફાયર ટીમે પાણીનો છંટકાવ કરીને આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના મેત્રાલ ગામે રોડ સાઈડમાં આવેલ ખેતરમાં કોઈ વ્યકિત એ સળગતી બીડી અથવા દિવાસળી ફેંકતા ખેતરમાં આગ લાગી હતી. આગને લઈ દોડધામ મચી જવા પામી હતી. ખેતરની નજીક ડીપી અને સ્કુલ આવેલ હોવાને લઈ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આગ ઉપર કાબુ મેળવતા લોકો એ રાહતનો શ્વાસ લીધો.

## હોળી- ધુળેટીના પર્વે અંબાજી મંદિરના દ્વાર રાબેતા મુજબ ખુલ્લા રહેશે



બનાસકાંઠા,
સમગ્ર મંદિર પરિસરમાં એકલ દોકલ યાત્રિકો જોવા મળી રહ્યાં છે. જોકે ફાગણસુદ પૂર્ણિમાને હોળી ધુળેટીના પર્વમાં અંબાજી મંદિર બંધ નહીં રહે અને રાબેતા મુજબ શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લઈ શકે તે માટે મંદિરના દ્વાર ખુલ્લાં રહેશે પણ શ્રદ્ધાળુઓએ કોરોના ગાઈડલાઈન પ્રમાણે સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે મંદિરમાં દર્શન માટે પહોંચવાનું રહેશે.

હોળીના દિવસે અંબાજીમાં હોલિકા દહન સાંજના ૬.૩૦ કલાકે કરવામાં આવશે અને મંદિરમાં સાંજની ૬.૩૦ કલાકે થતી સાંયકાલ આરતી હોલિકા દહન બાદ જ કરવામાં આવશે. જે નિયત સમય કરતા મોડી થશે પણ સવારની મંગળા આરતી ૬.૦૦ કલાકે કરવામાં આવશે. જયારે હોળી બાદ બીજા દિવસે ધુળેટીના દિવસે અંબાજી મંદિરમાં ફૂલો દ્વારા રમાતી ફૂલ ડોલ હોળી સરકારની ગાઈડલાઈન પ્રમાણે મુલતવી રાખવામાં આવી છે પણ શ્રદ્ધાળુ મંદિરમાં નિયમો અનુસાર માતાજીના દર્શનનો લાભ લઈ શકશે.

## પંચમહાલમાં કોરોનાના ૨૮ કેસ નોંધાયા : ગોધરા તાલુકામાં ૨૪ કેસ

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં ગુરૂવાર ના રોજ કોરોનાના નવા ૨૮ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૩૩૭ થવા પામી છે. જયારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૨૦૨ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં આજે મળી આવેલા કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૨૨ કેસ અને કાલોલમાંથી ૦૪ કેસ નોંધાવા પામ્યા છે. શહેરી વિસ્તારોમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૩૨૩૬ થવા પામી છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં ગોધરામાંથી ૦૨ કેસ નોંધાવા પામ્યા છે. ત્યારે અત્યાર સુધી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૧૦૧ કેસો નોંધાવા પામ્યા છે. આજે કુલ ૭ દર્દીને સારવાર બાદ રજા આપવામાં આવી છે. આ સાથે રજા મેળવનારા કુલ વ્યકિતઓની સંખ્યા ૩૯૯૨ થવા પામી છે. જિલ્લામાંથી અત્યાર સુધી નોંધાયેલ કુલ કેસોની સંખ્યા ૪૩૩૭ થવા પામી છે.

ત્યારે પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણ વધતા કોરોના કેસોની સંખ્યામાં ધરખમ વધારો નોંધતા માત્ર જિલ્લાના ગોધરા શહેર અને તાલુકા માં જ આજે ૨૮ કેસ નોંધાતા ગોધરા શહેરમાં આજ રોજ ૨૨ કેસ નોંધાતા ફફડાટ ફેલાવા પામ્યો છે. ત્યારે પરિસ્થિતિ હજી પણ વણસી શકવાની પુરેપરી સંભાવના રહેલી હોય માટે સૌ કોઈએ સોશિઅલ ડિસ્ટન્સનું પાલન, માસ્ક અને સેનેટાઈઝર નો મહત્તમ ઉપયોગ થકી સાવધાની કેળવવી જ પડશે.

- પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના નવા ૨૮ કેસ નોંધાયા.
- ૭ દર્દીને રજા અપાઈ.
- જિલ્લામાં કુલ સક્રિય કેસોનો આંક ૨૦૨ એ પહોંચ્યો.